આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગષ્ટ, ૨૦૧૩, શુક્રવાર; શ્રાવણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જ્ઞાનની ઉપયોગીતાની એક સીમા છે, પણ સમજદારી, કોઠાસૂઝ એ પણ જીવનમાં ખૂબ ઉપયોગી છે
- જ્ઞાન સૂત્ર

# જિલ્લામાં કુપોષિત બાળકોમાં ૨૦ ટકા ઘટાડો

ગાંધીનગર, તા. ૨૨

એક તરફ કુપોષણ દૂર કરવાની વાતો થઈ રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લાએ છેલ્લા એક વર્ષમાં જ ૨૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો કરી અને બાળકોને સ્વસ્થ બનાવ્યા છે તેમ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે જણાવ્યુ છે.

શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે આગામી સપ્તાહથી એક વિશેષ અભિયાન પણ હાથ ધરવામાં આવશે અને આ એક લોક ઝુંબેશ બનાવાશે. આ માટેનું આયોજન પણ આખરી કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કુપોષીત બાળકોને પોષણક્ષમ બનાવવા માટે સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ છ ઘટકો કાર્યરત છે. જેમાં ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને અપાતી આરોગ્ય અને પોષણક્ષમ સેવાઓને પગલે જિલ્લામાં કુપોષીત બાળકોના દરમાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૨૦ ટકાનો ઘટાડો થયો હોવાનું જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં આઈસીડીએસ યોજના હેઠળ કુપોષીત બાળકોને પોષણક્ષમ આહાર આપીને તેના દરમાં ઘટાડો કરવા માટે ચાલી રહેલી કામગીરીની માહિતી આપતા જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેને જણાવ્યું છે કે ૬ માસથી ત્રણ વર્ષના બાળકોને આંગણવાડીમાં નિદર્શક ભોજન આપવામાં આવે છે. તે રીતે જ ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારે ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર તથા તેડાગર દ્વારા બપોરે ગરમ નાસ્તો આપવામાં આવે છે. આ ઉપરાંત કુપોષીત બાળકોને ત્રીજુ ભોજન એટલે કે, ઘરે લઈ જવાના નાસ્તામાં લાડુ આપવાનું શરૂ કરાયું છે. અને આ નાસ્તો ગ્રામ પંચાયત મારફતે સખી મંડળ દ્વારા આપવામાં આવે છે.

જિલ્લામાં કુપોષણ હેઠળ આવતા બાળકોનું પ્રતિ માસ વજન કરવામાં આવે છે અને તે આધારે તેમનું ગ્રેડેશન કરાય છે. વર્ષ ૨૦૧૨માં જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા ૨૭૭૯૨ અને અતિકુપોષીત બાળકોની સંખ્યા ૨૨૧૧ હતી પરંતુ આ પ્રોગ્રામ ઉપર ભાર મુકવાના કારણે જિલ્લામાં કુપોષીત બાળકોની સંખ્યામાં એક વર્ષમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. એટલે કે, જુલાઈ-૧૩માં કુપોષિત બાળકોની સંખ્યા ૨૦૪૬૧ તથા અતિકુપોષીત બાળકો ૧૮૪૪ રહ્યા છે. બાકી રહેલા આ બાળકોમાં કુપોષીત દુર થાય તે માટે આઈસીડીએસના અધિકારીઓને સુચના આપીને યોજનાનું સમયાંતરે મોનીટરીંગ કરવા પણ જણાવાયું છે.




## પાક. ગુજરાતના ૩૩૮ માછીમારને મુક્ત કરશે

અમદાવાદ, તા. ૨૨

પાકિસ્તાને ગુજરાતના ૩૩૮ માછીમારોને મુક્ત કરવાની તૈયારી બતાવી છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સઘન પ્રયાસોના પરિણામ સ્વરૂપે પાકિસ્તાને ગુજરાતના ૩૩૮ માછીમારોને ૨૪મી ઓગસ્ટે મુક્ત કરવાની જાહેરાત કરી છે. ૧૦ અધિકારીઓની ટીમ જરૂરી પોલીસ વ્યવસ્થા સાથે માછીમારોને ગુજરાત લાવવા વાઘા સરહદ ખાતે રવાના કરવામાં આવી છે.







## આજે ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપના સેલના આગેવાનોની મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ખાતે આવતીકાલે મળનારી પ્રદેશ આગેવાનો અને વિવિધ સેલની બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી અંગે માર્ગદર્શન આપીને ચૂંટણી લક્ષી કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આવતી કાલે પ્રદેશ ભાજપના વિવિધ સેલોના આગેવાનોની એક મહત્વની બેઠક મળનારી છે.

આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપને તમામ ૨૬ બેઠકો ઉપર વિજય અપાવવા માટેની ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર રાજયમાં શહેર ગ્રામ્ય વિસ્તારોમાં બુથ લેવલનું માઈક્રો પ્લાનીંગ ગોઠવવા માટેની પણ રણનીતી ઘડી કાઢવામાં આવશે.

આ બેઠકમાં ભાજપના વિવિધ સેલોને બુથ લેવલ સુધી સંગઠનને મજબુત બનાવવા અને એક બુથ ૧૦ કાર્યકરોની ટીમ બનાવવા માટે પણ આહવાન કરવામાં આવશે. આગામી લોકસભાની ચૂંટણી માટે છેવાડાના માનવી સુધી ગુજરાતની ભાજપ સરકારની કામગીરી અને મેળવેલ સિધ્ધિઓને રજુ કરવા અને કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચાર મોંઘવારી સહીતના મુદ્દાઓને ઉછાળીને લોકોને કોંગ્રેસ મુકત દેશ બનાવવા માટેનું પણ આહવાન કરવામાં આવશે.

ભાજપ દ્વારા આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આપવામાં આવતા ચૂટણી લક્ષી કાર્યક્રમોને સફળ બનાવવા અને એક જુથ થઈને લોકસભા ચૂંટણીના કામે લાગી જવા માટે આગેવાનો અને કાર્યકરોને આહવાન કરવામાં આવશે.

આવતીકાલે મળનારી બેઠકમાં પ્રદેશના આગેવાનો વિવિધ સેલોના આગેવાનોને પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માર્ગદર્શન આપીને ચૂંટણીના કામે લાગી જવા અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

